**માગશર સુદ ૧, બુધવાર તા. ૩-૧૨-૧૯૭૫**
**ગાથા-૧, પ્રવચન-૫**

સમયસાર. પહેલી ગાથા. જીવ-અજીવ અધિકાર. '**ભગવાન કુંદકુંદાચાર્યની ગાથા. હવે મૂળગાથાસૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથના આદિમાં મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે :-**'

**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।**
**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।**
**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને,**
**વંદી કહું શ્રુતકેવળી-ભાષિત આ સમયપ્રાભૃત અહો! ૧.**

એનો ગાથાર્થ. અન્વયાર્થ. '**આચાર્ય કહે છે : હું ધ્રુવ,...**' આ સિદ્ધગતિની વાત છે. પર્યાયની વાત છે. '**હું ધ્રુવ, અચળ અને અનુપમ-એ ત્રણ વિશેષણોથી યુક્ત ગતિને પ્રાપ્ત થયેલ...**' આવા ત્રણ ગતિને પ્રાપ્ત થયેલ '**એવા સર્વ સિદ્ધોને નમસ્કાર કરી,...**' બધા સિદ્ધને નમસ્કાર કરી. '**અહો!**' '**श्रुतकेवलीभणतिम्**' '**શ્રુતકેવળીઓએ કહેલા...**' શ્રુતકેવળી અને કેવળી, બેય. એના કહેલા '**આ સમયસાર નામના પ્રાભૃતને કહીશ.**' ભગવાન શ્રુતકેવળી અને કેવળી એમણે આ જે કહ્યું એ હું કહીશ, એમ કહે છે.

ટીકા :- '**અહીં (સંસ્કૃત ટીકામાં) 'अथ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે.**' એટલે? કે સાધક ધર્મની શરૂઆત થાય છે એમ મંગળિક કરે છે. અનાદિથી જે અજ્ઞાનમાં ભાવ હતો એનો નાશ કરીને સાધકભાવ દ્રવ્યના આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન થાય એ સાધક શરૂઆત થાય છે. ત્યારથી મંગળિક થાય છે અને શરૂઆત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**अथ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે.**' '**प्रथमत**' શબ્દ સંસ્કૃતમાં પડ્યો છે. '**ગ્રંથની આદિમાં...**' એ આદિ-પ્રથમ. '**સર્વ સિદ્ધોને ભાવ-દ્રવ્ય સ્તુતિથી પોતાના આત્મામાં...**' આહા..હા..! અનંત સિદ્ધોને પોતાના આત્મામાં ભાવથી સ્થાપીને અને દ્રવ્યથી સ્તુતિ, બેય છે. ભાવ અને દ્રવ્ય બેય સ્તુતિ કરે છે. '**તથા પરના આત્મામાં...**' સાંભળનારના આત્મામાં પણ અનંત સિદ્ધોને સ્થાપીને. જ્ઞાનની પર્યાય અલ્પજ્ઞ છે પણ એમાં અનંત સિદ્ધનો સત્કાર કરે છે. આહા..હા..! અનંત અનંત કેવળજ્ઞાન પ્રાપ્ત પરમાત્મા, એનું એક સમયમાં સ્થાપન કરે છે. એ એનું વંદન કરે છે. એને '**वंदित्तु**' કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**वंदित्तु**'નો અર્થ ઈ. અનંત સિદ્ધોને પર્યાયમાં સ્થાપે તે '**वंदित्तु**' છે. આહાહા..!

મુમુક્ષુ :- પર્યાયમાં સિદ્ધને શી રીતે સ્થાપવા?

ઉત્તર :- સ્થાપે એટલે અહીંયાં જ્ઞાનની પર્યાયમાં એને રાખે. રાખે એટલે એનું સાધ્ય છે ને સિદ્ધ. સિદ્ધ સાધ્ય છે ને. માટે સાધ્યને પર્યાયમાં સ્થાપે છે. જ્ઞાયકપણાની પર્યાયમાં એને સ્થાપે છે. સાંભળનારને અને કહેનાર, બેયને સિદ્ધની પર્યાયનું સ્થાપન કરીને સંભળાવવાની વાત કરે છે. સાધ્ય ઈ છે ને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કંઈ ન સમજાણું.

ઉત્તર :- ન સમજાણું? આગળ આવશે ને? જ્ઞાન, દર્શન અને ચારિત્રની સેવા કરવી. એમ આવ્યું ને? આવે છે ને? આવ્યું ને? કાલે આવ્યું હતું ને? કાલે આવ્યું હતું ને એમાં? ... દર્શન, જ્ઞાન, ચારિત્રની ભક્તિ કરે છે. એ વ્યવહારનું કથન છે. લોકો પર્યાયના ભેદથી જાણે છે માટે પર્યાયથી કથન કર્યું છે. એઈ..! સેવવો છે તો આત્મા. ત્રણ ભેદ નહિ. ત્રણ ભેદ તો પર્યાય થઈ ગઈ, વ્યવહાર થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન જે એક સ્વરૂપે છે એને સેવવો છે, એકને સેવવો છે. પણ લોકો પર્યાય, વ્યવહારીજીવો પર્યાયબુદ્ધિથી સમજે છે માટે ભેદથી, પર્યાયબુદ્ધિથી કથન કર્યું છે. જાણવા માટે કથન કર્યું છે. આહા..! આદરવા માટે નહિ. આહાહા..! ધન્નાલાલજી! સમજાણું કાંઈ?

એમ અહીં સિદ્ધને પર્યાયમાં સ્થાપ્યા છે, એ જ્ઞાન કરવા માટે સ્થાપ્યા છે. એનું જ્ઞાન આવું પૂર્ણ છે. ધ્યેય તો દ્રવ્ય છે. આહા..!

મુમુક્ષુ :- ભેદ શું પાડ્યો?

ઉત્તર :- ભેદ પાડ્યો ઈ કે વસ્તુ જ્ઞાન કરવા માટે બધું બરાબર છે. પણ ધ્યેય માટે તો એક જ દ્રવ્ય છે. ભાઈ કાલે લાવ્યા હતાને ખુલાસો. નવલચંદભાઈ! કાલ રાત્રે લાવ્યા હતા ને. કહ્યું હતું ને, સર્વ પરિણામ ક્યાંક આવે છે. ઈ બરાબર ખ્યાલ ન આવ્યો. પણ સવિકલ્પમાં આવ્યું છે, મોક્ષમાર્ગ પ્રકાશકમાં. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવ્યું ઈ. મેં કીધું, ક્યાંક આવ્યું હતું ખરું. દાખલો આપ્યો હતો. ... આધાર આપ્યો હતો ને એટલે ક્યો ગ્રંથ ઈ રહી ગયું. ત્યાં તો એમ જ કહ્યું છે કે ચિન્મય આત્મા ભગવાન એક સ્વરૂપે છે એમાં સર્વ પરિણામ ત્યાં આગળ એકાગ્ર થાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! સવિકલ્પી નિર્વિકલ્પ ધ્યાનમાં જાય છે એનું કથન શરૂ કર્યું છે. ચિન્માત્ર ભગવાન તો એક સ્વરૂપે જ ભગવાન છે. ત્રણ રૂપ નહિ એમાં. આહા..હા..! ત્રણ રૂપે પરિણમવું એ પણ એક અસત્યાર્થ કહેવામાં આવે છે. આહાહા..! દ્રવ્યાર્થિકનયની મુખ્યતા કરતા એકના સેવનની જ મુખ્ય વ્યાખ્યા હોય છે. ત્યારે પર્યાયમાં ત્રણપણે પરિણમવું એ ગૌણ કરીને એને વ્યવહાર કહીને એને અસત્યાર્થ કીધો છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! ત્રણપણે પરિણમન નિર્મળ દશા, હોં! એ પણ એકપણાની દૃષ્ટિ કરાવવામાં મુખ્યપણે

દ્રવ્યાર્થિક શુદ્ધ દ્રવ્યાર્થિકનો વિષય કરીને પરિણામના ત્રણ ભેદોને એનું સેવન કરવું કહ્યું એ તો પર્યાયથી વ્યવહારી લોકો સમજે માટે કહ્યું છે. બાકી ત્રણનું સેવન કરવું એ અસત્યાર્થ છે. આહાહા..! આવી વાતું, બાપુ! આ તો... છે સોળમી ગાથામાં અસત્યાર્થ કહ્યું છે. ભાઈ! સોળમી ગાથાના (૧૭મા) શ્લોકમાં કહ્યું છે. છે ને? આમાં છે ને. '**આત્મા એક છે તોપણ વ્યવહારદૃષ્ટિથી જોઈએ તો ત્રણ-સ્વભાવપણાને લીધે...**' જોયું! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ વ્યવહારદૃષ્ટિથી કથન છે. આહાહા..! સમજાય છે? દ્રવ્ય સાથે પર્યાયને ન ભેળવાય. કારણ કે એ ત્રણનું પરિણમન વ્યવહાર છે. એ '**ત્રણ-સ્વભાવપણાને લીધે અનેકાકારરૂપ (મેચક) છે. કારણ કે દર્શન, જ્ઞાન, ચારિત્ર-એ ત્રણ ભાવે પરિણમે છે.**' ભાવાર્થમાં ખુલાસો છે, જુઓ!

**ભાવાર્થ :- 'શુદ્ધદ્રવ્યાર્થિકનયે આત્મા એક છે...'** શુદ્ધદ્રવ્યાર્થિકનયે આત્મા એક છે. ત્રણપણાનું પરિણમન એ પણ વ્યવહારમાં જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**આ નયને પ્રધાન કરી કહેવામાં આવે ત્યારે પર્યાયાર્થિકનય ગૌણ થયો...**' એટલે? એકને ત્રણરૂપ પરિણમતો કહેવો એ વ્યવહાર થયો. આહાહા..! સદ્‌ભુત વ્યવહાર છે ને ઈ. રાગ છે એ તો અસદ્‌ભુત વ્યવહાર છે પણ આ ત્રણ પણ સદ્‌ભુત વ્યવહાર થઈ ગયો. આહાહા..! આ વસ્તુ. સમજાય છે કાંઈ? અને એ '**ત્રણરૂપ પરિણમતો કહેવો...**' ત્રણરૂપ પરિણમતો કહેવો. સમ્યગ્દર્શન, જ્ઞાનની નિર્મળ પર્યાયપણે પરિણમતો કહેવો. નવલચંદભાઈ! '**તે વ્યવહાર થયો, અસત્યાર્થ પણ થયો.**' છે? છે અંદર? આહાહા..! ત્રણપણે પરિણમનની નિર્મળ દશા એ પણ અસત્યાર્થ થઈ. સમજાણું કાંઈ? એ દ્રવ્યને નિર્મળ પર્યાય સાથે લઈને વિષય બનાવવો એ તો ઘણું સ્થુળ થઈ ગયું, દૃષ્ટિ વિપરીત, ઘણી વિપરીત દૃષ્ટિ. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- જ્યારે નયથી કથન કરે ત્યારે કંઈક બાકી રહેવું જોઈએ ને.

ઉત્તર :- આ બાકી રહ્યું ને. પર્યાયના ત્રણ ભેદો ગૌણ રહ્યા. ભાવ મુખ્ય થઈ ગયો. એક નયનો વિષય આ આવ્યો. તો એક નય રહી ગઈ તો પર્યાયના ભેદો એમાં રહી ગયા. સમજાણું કાંઈ? જો દ્રવ્ય અને નિર્મળ પર્યાયને ભેગા લઈએ તો તો એક વિષય બાકી ન રહ્યો. અશુદ્ધતાનો બાકી રહ્યો. પર્યાયનો બાકી ન રહ્યો. તો એ નય જ ન થઈ. સમજાણું કાંઈ?

નિશ્ચયનયનો વિષય એક અંશ છે. એ પ્રમાણ નથી. તેથી દ્રવ્યાર્થિકનો વિષય જે એકરૂપ છે તે એનો વિષય છે. આ તો સ્પષ્ટ કરવાની જરૂર પડી. ગોટો ઉઠ્યો છે ને. વાત તો આમ છે, ભાઈ! કલ્પીને ગમે એ રીતે પોતાની દૃષ્ટિએ માને, વસ્તુ બીજી છે આખી. સમજાણું કાંઈ? એક વસ્તુને દ્રવ્યાર્થિકનયે જ્યારે એક કહ્યું, ત્યારે એક નય બાકી રહી ગયો. કારણ કે નયનો વિષય તો એકરૂપ ત્રિકાળ એક થયો. ઈ એક અંશ

થયો, બીજો અંશ બાકી રહ્યો. નહિતર એક નય કહેવાય નહિ. બીજો નય ક્યો બાકી રહ્યો? કે ત્રણપણે જે પરિણમે છે એ જે વ્યવહારનયનો વિષય તેને ગૌણ કરીને તે નથી, અસત્યાર્થ છે એમ કહેવામાં આવ્યું. આહાહા..! ધન્નાલાલજી!

તેથી ત્યાં સવિકલ્પમાં કહ્યું કે અંતરમાં ચિન્માત્ર એકલો આત્મા ભાસે. એ ચિન્માત્ર ભાસે એટલે એવો વિકલ્પ નહિ. ભાસે પર્યાયમાં આ ચિન્માત્ર દ્રવ્ય. પર્યાયનો વિષય ચિન્માત્ર દ્રવ્ય. એકલું દ્રવ્ય. એમાં સર્વ પરિણામ એકાગ્ર થાય છે. નિર્મળ પરિણામ આદિ તે દ્રવ્યમાં એકાગ્ર થાય છે. એ કાઢ્યું હતું, પાંચ-સાત દિ' પહેલા. ભૂલાઈ ગયું પાછું. નવલચંદભાઈ રાત્રે લાવ્યા. સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ. મેં કીધું, પરિણામ ક્યાંક આવ્યું છે. સર્વ પરિણામ... જ્યારે પહેલું આવ્યું હતું ભૂતાર્થનયમાં... સમજાય છે? ત્યારે પણ એ વિચાર તો અંદર આવ્યો હતો કે આ એક જ શ્રદ્ધાની પર્યાય નમે છે કે બધી? આધાર વિના.. સમજાણું? વાત તો એવી છે કે બધી પર્યાય નમે છે. આવવું તો એમ જોઈએ. અને અહીં તો એમ કહ્યું કે ભૂતાર્થ આશ્રિત સમ્યગ્દર્શન થાય છે. ત્યારે સમ્યગ્દર્શનની પર્યાય જ એકલી એના તરફ ઢળી છે? આખા પરિણામ ઢળ્યા છે. આહાહા..! જેટલા નિર્મળ પરિણામ છે, મલિન પરિણામ તો બહાર રહી ગયા, હવે જેટલા નિર્મળ પરિણામ છે તે સર્વ દ્રવ્યમાં એકત્ર થયા. એકત્ર થયું. આવ્યું ને, કીધું ને.

મુમુક્ષુ :- એટલે કે બે એક થઈ ગયા ને.

ઉત્તર :- એક નહિ, એક થાવાની ક્યાં વાત છે. એ તો ભિન્ન રહી. એનું કાંઈ નથી. એ તો ભિન્ન થઈ ગયા, એમાં કાંઈ વાંધો નથી. પણ એ પર્યાય જે છે, એ એકમાં ત્રણ જે કહેવા એ અસત્યાર્થ થઈ ગયું. નિર્મળ પર્યાય ત્રણ. એ ત્રણ થઈને એક પર્યાય ગણે તોપણ એ પર્યાયભેદ થઈ ગયો. સદ્ભુત વ્યવહારનય થઈ ગયો. તેથી એને અસત્યાર્થ કીધો. ત્રિકાળ સત્યાર્થ ભગવાન પૂર્ણાનંદ ચિન્મય એકરૂપ સ્વરૂપ એને સત્યાર્થ કહી અને એને દ્રવ્યાર્થિકનયનો વિષય, એને નિશ્ચયનયનો વિષય, એને સમ્યગ્દૃષ્ટિનો વિષય કહ્યો. સમજાણું કાંઈ? આ વસ્તુ બાપુ! એવી ઝીણી છે. અંતર વસ્તુને સમજ્યા વિના બધા ગોટા ઉઠ્યા વિના રહે જ નહિ. જુઓ! આમાં કહ્યું. હવે તો ... પણ આ ગોટો ઉઠ્યો હતો ને એટલે આ સ્પષ્ટ કરવું પડે.

એકને ત્રણરૂપ પરિણમતો કહેવો, દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણમવો કહેવો એ વ્યવહાર થયો. દ્રવ્ય એકલું દૃષ્ટિમાં લેવું એ નિશ્ચય થયો. આહા..! દ્રવ્યની સાથે પર્યાયને ભેગી લેવી એ વ્યવહાર થયો. બે થયા એટલે વ્યવહાર થઈ ગયો. બીજી રીતે કહીએ તો પર્યાય સદ્ભુત વ્યવહાર છે અને પેલો નિશ્ચય છે. તો બે થઈ ગયા તો એ પ્રમાણનો વિષય થઈ ગયો. પ્રમાણ છે તે વ્યવહારનો વિષય થઈ ગયો. પ્રમાણ એ વ્યવહારનો વિષય છે. સમજાણું કાંઈ? આહાહા..! પ્રમાણ પોતે વ્યવહાર છે. પ્રમાણ પોતે વ્યવહારનયનો

વિષય છે. આહાહા..! પંચાધ્યાયીમાં લીધું છે ને. પ્રમાણ પોતે વ્યવહારનો વિષય છે. આહાહા..! બે થયા એવું પ્રમાણ એ વ્યવહારનો વિષય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભઈ, આ તો માર્ગ વીતરાગનો અપૂર્વ. અનંત કાળમાં નથી પકડ્યો એવો માર્ગ અલૌકિક છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! શું કીધું અહીં? ત્રણ પર્યાયપણે પરિણમે, પર્યાય નિર્મળપણે પરિણમે તે અસત્યાર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ? એને દ્રવ્ય અને પર્યાય ભેગા નાખીને વિષય બનાવવો એ તો બહુ સ્થુળ મિથ્યાદૃષ્ટિ છે. તદ્દન વિપરીત દૃષ્ટિ છે. અહીં તો ચોખ્ખી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- માને ગમે એ રીતે. વસ્તુ તો આ છે. આહા..!

**'તેથી એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે વ્યવહાર થયો, અસત્યાર્થ પણ થયો. એમ વ્યવહારનયે આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણામોને લીધે 'મેચક' કહ્યો છે.'** આહાહા..! સમજાણું કાંઈ? ઘણે ઠેકાણે પર્યાયનું સેવન કહ્યું છે એ બધું વ્યવહારનયથી લોકો સમજે છે તેથી તે રીતે કહ્યું છે. બાકી સેવવો છે તો એક જ આત્મા. સમજાણું કાંઈ? એનો સરવાળો આ છે. આહાહા..! ચાલશે, આમાં ઘણે ઠેકાણે. સોળમી ગાથામાં. એક જ સેવવો, એક જ સેવવો. ત્રણ પ્રકારે પર્યાયથી, વ્યવહારથી લોકો સમજે છે તો સમજાવ્યું છે. એ ત્રણ આશ્રય કરવા લાયક છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! સર્વ પરિણામ તેમાં એકાગ્ર થાય છે. નિર્મળ પરિણામ પણ એ બાજુ દ્રવ્ય ઉપર ઢળી ગયા છે, એમ કહે છે. આહાહા..! એ પરિણામમાં એકલો ચિન્માત્ર આત્મા ભાસે છે. સમજાણું કાંઈ? ચિન્માત્ર દ્રવ્ય એકરૂપ ભાસે છે. નિર્મળ પર્યાય તેને ભાસે, પણ નિર્મળ પર્યાય અને ચિન્મય બે, એમ પરિણામમાં ભાસે છે, એમ નથી. ઝીણી વાત બહુ, બાપુ! આ તો મૂળ માર્ગની શરૂઆતની વાત આ તો છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો કીધું, જુઓને! આહાહા..!

તેથી અહીં કહે છે કે અમે સિદ્ધને નમસ્કાર કરીએ છીએ તો વ્યવહારથી વાત ઉપાડી છે. સમજાણું કાંઈ? વંદન અનંત સિદ્ધો. આહા..! પર્યાયમાં સ્થાપન કર્યું છે ને. અનંત અનંત કેવળીઓ, અનંત અનંત કેવળીઓ. મતિની પર્યાયમાં અનંત અનંત કેવળીઓને સ્વીકાર્યા. આહાહા..!

મુમુક્ષુ :- એનો લાભ શું?

ઉત્તર :- એનો લાભ એ દ્રવ્ય ઉપર ઢળે છે માટે. એના ઉપર આટલું બધું જોર આવે છે ત્યારે દ્રવ્ય ઉપર એનું લક્ષ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો ઈ વાત છે, ભાઈ! એક જ છે. પહેલેથી કહેતા આવીએ છીએ, ઈ કંઈ નવું નથી. આ તો સ્પષ્ટ કરવાની જરૂર પડી. લખાણમાં બહુ વિપરીત આવ્યું ને, ઘણું વિપરીત આવ્યું. આ ફેરી છેલ્લા આત્મધર્મમાં તો ઘણું વિપરીત (આવ્યું). આગળપાછળ મેળ વિનાનું. લોકોને ભ્રમ ઉપજે છે. લોકો તો હવે સમજી ગયા છે. એમાં આ લખાણ આવ્યું ને.. કારતક મહિનાનું આત્મધર્મ. એમાં બધો ખુલાસો થઈ ગયો. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ, બાપા! આ તો વીતરાગનો માર્ગ છે. એમાં ધણી થઈ પડે વિપરીત દૃષ્ટિએ, એ ન ચાલે. આહાહા..!

અહીં કહે છે, **'अथ'** નામ મંગળને અર્થે (છે). આહાહા..! જે અનંત કાળમાં થયું નથી એની શરૂઆત થઈ ગઈ. દ્રવ્યને આશ્રયે સાધકભાવની. એનું નામ મંગળિક છે. સમજાણું કાંઈ? આહાહા..! ટીકા તે ટીકા છે ને! આ તો ૧૮મી વાર વંચાય છે. નૌતમભાઈ! શરૂઆથમાં વંચાઈ ગયું છે ને. ઘણાં પડખા આવ્યા ને એટલે વધારે સ્પષ્ટ થાશે. આહાહા..! **'ગ્રંથના આદિમાં...'** **'प्रथमत'** શબ્દ છે ને સંસ્કૃતમાં? **'अथ प्रथमत'**. એ બે શબ્દ. ત્યાંથી શરૂ કર્યું છે. પ્રથમ ક્યાં આવ્યું? ગ્રંથની આદિમાં પ્રથમ આવે છે. એ વિના તો ક્યાંય આવતું નથી. દરેક શબ્દનો અર્થ જે ટીકાકારે કર્યો, અમૃતચંદ્રાચાર્ય મહામુનિ. આહાહા..! એની ટીકા એટલે ભરતક્ષેત્રમાં આવી ટીકા..! દિગંબરમાં આવી ટીકા નથી થઈ. અહીં છે એવી બીજા ગ્રંથોમાં નથી. બીજા અન્યમતમાં તો શેની હોય? શ્વેતાંબર અને સ્થાનકવાસી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે **'ગ્રંથના આદિમાં સર્વ સિદ્ધોને...'** ભાવથી નમસ્કાર કરું છું. જોયું! અંદર ભાવથી નમસ્કાર કરું છું. નિર્મળ એકાકાર થઈને. સન્મુખ થઈને. અને દ્રવ્યથી– વિકલ્પથી. આહાહા..! બેય છે. **'સ્તુતિથી પોતાના આત્મામાં...'** આવી સ્તુતિથી પોતાના આત્મામાં સ્થાપીને. **'वंदित्तु'** શબ્દ છે ને? આહા..! ભાવથી નમસ્કાર અને દ્રવ્યથી નમસ્કાર. શુદ્ધ ચૈતન્યઘન તરફનું નિર્મળ પરિણમન થવું એ ભાવનમસ્કાર. અને વિકલ્પ ઉઠવો કે ભગવાન આ સિદ્ધ આવા છે, એ દ્રવ્યનમસ્કાર. આહાહા..! આ તો તીર્થંકર પરમેશ્વરના કેડાયતો સંતો. એની ટીકા એટલે શું! એ કંઈ સાધારણ વાત છે? આહાહા..! સમજાણું કાંઈ?

'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ'. કાલે કહ્યું હતું, નહિ? દવા. જિનવચનની દવા. દુઃખ વિષયની વાસનાનો વિરેચન-રેચ કરાવી દે. પરમાં સુખબુદ્ધિને ઉડાડી દે, એવી જિનવચનની દવા છે. આહાહા..! સમજાણું કાંઈ? અને અમીયભૂત એમ આવ્યું હતું ને? અમૃતરૂપ, અમૃતસ્વરૂપ. એ વાણી છે એ અમૃતસ્વરૂપ છે. અમૃતને બતાવે છે માટે અમૃતસ્વરૂપ જ છે ઈ. સમજાણું કાંઈ? આહાહા..! કાલે આવ્યું હતું ને બપોરે? આહા..!

અહીં કહે છે કે, **'ભાવ-દ્રવ્ય સ્તુતિથી પોતાના આત્મામાં તથા પરના આત્મામાં...'** ભાષા શું કરે? તમારે ઈ શું કામ છે? હું કહેવા માગુ છું માટે... કારણ કે '**वोच्छामि**' કહેવું છે. હું કહું છું, કહું છું. કોને? શ્રોતાને. શ્રોતાને શું કરું છું? અનંતા સિદ્ધોને ત્યાં સ્થાપુ છું. સ્થાપના કરું છું. આગળ એને સિદ્ધ થાવું છે અને મારે પણ સિદ્ધ થાવું છે. આ સ્થાપના નથી કરતા ચાલે ત્યારે? મંગળ કે વાર એવો હોય પછી સ્થાપના કરે છે ને? શેરીમાં. શેરીમાં કરી રાખે. વાર-કવાર હોય ને? અને બહાર જાવું હોય. તો પહેલા ત્યાં બહાર રાખી મૂકે. પછી બીજો વાર હોય ત્યારે ત્યાંથી લઈને ચાલ્યા જાય. નથી સાંભળ્યું? પસ્તાનુ.. પસ્તાનુ. એ પસ્તાનુ કહેવાય છે. ..ભાઈ! આવે છે ને? વાર-કવાર એવો હોય, નિકળવું હોય તે દિ' ... પસ્તાનુ મૂકી આવે. ન્યાંથી લઈને બીજે ચાલ્યા જાય. આ પસ્તાનુ મૂકે છે. પર્યાયમાં અનંતા સિદ્ધોને પ્રસ્તાવમાં મૂકે છે હવે. હવે હું સિદ્ધમાં જવાનો છું. આહાહા..! સમજાણું કાંઈ? શ્રોતાને પણ કહે છે.

પાંચમી ગાથામાં આવ્યું છે ને ત્યાં? પ્રમાણ કરજો. '**जदि दाएज्ज पमाणं**'. જો હું દેખાડું, તને દેખાડવાનું બની જાય તો પ્રમાણ કરજે. અનુભવથી પ્રમાણ કરજે. દ્રવ્યનો આશ્રય કરીને અનુભવ કરીને પ્રમાણ કરજે. હા પાડવી વિકલ્પથી એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયને દ્રવ્ય તરફ વાળીને અનુભવથી પ્રમાણ કરજે. આહા..! સમયસાર અને એની ટીકા... સાક્ષાત્ કેવળીઓ ઉતર્યા છે! એવી વાત છે. આહાહા..!

દુકાનમાં પણ નફો થાય ને, વકરો થયો છે દસ લાખનો. હવે હટાણામાં લાભમાં ઉતર્યું છે? એમ ગણે. રૂપયો, બે આનાનો.. શું કહેવાય? નફો. બે આનાનો લાભ. અઢાર આના થયું છે? અમારે દુકાનમાં એમ કરતા. કુંવરજીભાઈ હોય ને. મોટી દુકાન હતી. આટલા લાખનું થયું. રૂપયે બે આના લાભ ઉતર્યો એમાં બધો થઈને સરવાળો? એમ ગણે. અઢાર આના થયા હોય તો બહુ પેલું કહેવાય. ત્યાં અમારે દુકાને કરતા હતા. રૂપયે બે આનાનો લાભ. રૂપિયાનો માલ વેચે એના અઢાર આના. એ.. ભગવાનજીભાઈ! આહાહા..! અહીં અઢાર આનાનો લાભ થવાનું કહે છે. આહાહા..! આ તો દુકાનનું યાદ આવી ગયું. દુકાનમાં કરતા ને પહેલા. ત્રણ વર્ષમાં સોળ હજારનો.. તે દિ'. આ તો ઘણાં વર્ષની વાત છે. ત્રણ વર્ષમાં સોળ હજાર પેદા કરેલા. બાર મહિને સરવાળો કરતા. પણ એક વાર ત્રણ વર્ષે કાઢ્યો. એની દુકાને. સોળ હજાર પેદા થયેલા. આ તો ઘણાં વર્ષની વાત, હોં! ખુશાલભાઈ ભેગા હતા ત્યારે. ઘણા વર્ષ થયા. પછી તો બે બે લાખની પેદાશ થઈ ગઈ. વર્ષની ત્રણ લાખની.

મુમુક્ષુ :- આપને વધારે પેદાશ થઈ કે એને વધારે પેદાશ થઈ?

ઉત્તર :- ધૂળની પેદાશ નથી. આ તો આંકડો (કીધો).

અહીં તો ભગવાન આત્મા.. આહાહા..! હવે કહે છે કે, અમે સિદ્ધના સ્થાપન-

સિદ્ધના પસ્તાના મૂકીએ છીએ, ભાઈ! તને અને મને, બેયને હોં! એટલે મને પહેલું મૂક્યું છે. પોતાના આત્મામાં તથા પરના આત્મામાં. આહાહા..! સિદ્ધપણું અમે પર્યાયમાં પસ્તાનામાં મૂક્યું, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? આ તો સંતો, મુનિઓ. બાપુ! મુનિ કોને કહેવા, લોકોને ખબર નથી. મુનિ પરમેશ્વર છે. જેને ત્રણ કષાયનો અભાવ થયો, બાપુ! એ શું ચીજ છે? સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન શું ચીજ છે એ તો અલૌકિક છે, પણ ચારિત્ર શું છે એ તો એનાથી પણ અલૌકિક! એ તો મહા અલૌકિક!! ઓહો..! એવી ચારિત્ર દશાવંત સંત જે આ ટીકા કરે છે... આહાહા..! અમૃત વરસાવે છે. આહાહા..!

શ્રીમદ્‌માં આવે છે ને?

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત રે..
ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમ કાળમાં..
ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમ કાળમાં.

એવા આ અમૃતચંદ્રાચાર્યના અમૃતવચનો છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આ રીતે '**સમય નામના પ્રાભૃતનું...**' આ રીતે અનંતા સિદ્ધોને પર્યાયમાં પ્રસ્તાવના તરીકે મૂકીને. કારણ કે સિદ્ધ થવાનો કાળ હજી મારે નથી. સમજાણું કાંઈ? એમ સાંભળનારને પણ સિદ્ધ થવાનો કાળ નથી, પણ સિદ્ધની પ્રસ્તાવના તો અમે મૂકીએ છીએ. '**આ સમય નામના પ્રાભૃતનું...**' આહાહા..! '**ભાવવચન...**' ભાવવચન એટલે નિર્મળ દશા. અને '**દ્રવ્યવચન...**' એટલે વિકલ્પ. આહાહા..! '**પરિભાષણ શરૂ કરીએ છીએ.**' આહાહા..! પરિભાષણ શરૂ કરીએ છીએ. આ તો વાણી છે ને. આહાહા..! સમજાણું કાંઈ? '**એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે.**' એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે. આહાહા..!

'**એ સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે...**' સિદ્ધ પૂર્ણ દશા પ્રાપ્ત થઈ ગઈ છે એને લીધે '**સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે...**' હે સિદ્ધ! એમ બોલેને? ત્યારે આત્મા પણ હે સિદ્ધ! તું સિદ્ધ છો. આહાહા..! હે ભગવાન! તમે તારજો. સામે આત્મામાં અવાજ આવે, હે ભગવાન! તું તરજે. પ્રતિચ્છંદ કીધું ને? શું કીધું? '**પ્રતિચ્છંદના સ્થાને..**' પ્રતિચ્છંદ સમજાય છે? પડઘો. હે ભગવાન! એમ કહે ત્યાં સામેથી પડઘો આવે, હે ભગવાન! રાણપુરમાં છે ને? ૫૦૦ વર્ષની. રાજાનો મહેલ છે. જૂનો મહેલ એકલો પત્થરનો. નદીને કાંઠે. અહીંથી અવાજ કરે તો ન્યાંથી અવાજ આવે. બંદુક અહીં વાગે ગામમાં તો બંદુકનો અવાજ ત્યાંથી પાછો આવે. પડઘો. પ્રતિઘાત. અવાજનું પાછું પડવું. હે સિદ્ધ! એમ પડઘો પડે, હે સિદ્ધ! અહીં અવાજ આવે. સમજાણું કાંઈ? આહાહા..!

'**સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે,...**' એ કેમ સિદ્ધ ભગવંતો પ્રતિચ્છંદને સ્થાને

છે? સિદ્ધપણું પ્રગટ્યું છે એ કારણે. આહાહા..! **'સાધ્ય જે આત્મા...'** સાધવો છે તો આત્માને. **'તેના પ્રતિચ્છંદના સ્થાને છે,...'** એના પડઘાના સ્થાને છે.

મુમુક્ષુ :- એનો નમૂનો છે.

ઉત્તર :- નમૂનો. આહા..! આને પ્રસિદ્ધ અહીં કરવો છે ને. હે સિદ્ધ! સિદ્ધાસિદ્ધિ મમ દિસંતુ. આવે છે ને? લોગસ્સમાં આવે છે. લોગસ્સ કર્યો છે અજીતભાઈ! નથી કર્યો. ઠીક. નવા આવ્યા છે. ઓલા લાકડા નહોતા. લોગસ્સ આવે છે ને? શ્વેતાંબરમાં આવે છે. સિદ્ધાસિદ્ધિ મમ દિસંતુ. હે સિદ્ધ ભગવાન! મને સિદ્ધપદ દેજો. હે સિદ્ધ ભગવાન! અહીં કહે છે તું ... પર્યાયમાં આવ. સમજાણું કાંઈ? આહાહા..!

**'એ સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે,-જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો ચિંતવન કરીને...'** સિદ્ધ ભગવાનના સ્વરૂપનું જ્ઞાનમાં ચિંતવન કરીને. **'તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને,...'** જુઓ! હવે આવ્યું. આહાહા..! તે સમાન પોતાનું સ્વરૂપ છે એમ ધ્યાવે-ધ્યાન કરે. આહાહા..! તે સમાન ભગવાન. સિદ્ધ સમાન સદા પદ મેરો. આવે છે ને? **'પોતાના સ્વરૂપને ધ્યાઈને..'** પોતાનું સ્વરૂપ તે શુદ્ધ ચૈતન્યઘન, આનંદઘન સિદ્ધસ્વરૂપ એનું ધ્રુવ. એને ધ્યાવીને, એનું ધ્યાન કરીને. સમજાણું કાંઈ? આહાહા..! ભઈ, આ કાંઈ કથા નથી. આ તો અમૃતના વેણલા વાયા છે. આહાહા...! આ ટીકાના ભાવ રહી ગયા છે. જગતના ભાગ્ય કે આવું સમયસાર રહી ગયું. સમજાણું કાંઈ? **'જેમના સ્વરૂપનું...'**

મુમુક્ષુ :- સિદ્ધ સમાન એટલે સિદ્ધ જેટલો કે સિદ્ધ જેવો?

ઉત્તર :- સિદ્ધ જેવું જ દ્રવ્ય છે. પર્યાયની વાત નથી ત્યાં. સિદ્ધ સમાન મારું દ્રવ્ય છે. પર્યાય ક્યાં છે? સિદ્ધ સ્વરૂપે જ મારું દ્રવ્ય છે. શક્તિરૂપે, સ્વભાવરૂપે હું સિદ્ધ જ છું. એ તો આવ્યું નથી? નિયમસારમાં ન આવ્યું? બધા સંસારી જીવો સિદ્ધ સમાન છે. અષ્ટ મૂળગુણથી પુષ્ટ છે, ભાઈ! ભાઈએ અર્થ નથી કર્યો? અષ્ટ મૂળગુણથી પુષ્ટ છે. આ સ્વભાવ. આવ્યું છે ને? નિયમસારમાં છેલ્લી ગાથા. સિદ્ધ સમાન છે એટલે પર્યાય છે સિદ્ધ જેવી? દ્રવ્ય સિદ્ધ સમાન છે. એવું જ સિદ્ધ સ્વરૂપ જે ભગવાન આત્મા એનું ધ્યાન કરીને. એને ધ્યાવીને. આહાહા..!

**'તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને,...'** પોતાના સ્વરૂપનું ધ્યાન કરીને. સમજાણું કાંઈ? આહાહા..! ધ્યાનમાં પોતાનું ત્રિકાળ સ્વરૂપ છે એમ ધ્યાન કરીને, એમ કહે છે. સમજાણું કાંઈ? **'તેમના જેવા થઈ જાય છે.'** આહાહા..! તેના સમાન પોતાનું સ્વરૂપ ધ્યાવીને. નિર્મળ પર્યાયમાં તેનું ધ્યાન કરીને. કોનું? દ્રવ્યનું, હોં! આહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ક્યા દ્રવ્યનું?

ઉત્તર :- આ દ્રવ્યનું. આહાહા..!

પૂર્ણ આનંદસ્વરૂપ એકરૂપ જેનું સ્વરૂપ છે. એનું ધ્યાન એટલે પર્યાય. પર્યાયમાં એનો વિષય બનાવીને. આહાહા..! ધ્યાન વિષય કુરુ, આવે છે. પરમ અધ્યાત્મ તરંગિણીમાં. તરંગિણી છે ને, એમાં ત્રણ ઠેકાણે આવે છે. પર્યાયમાં દ્રવ્યને વિષય બનાવ. આહાહા..! એનો અર્થ કે આ પર્યાય છે એને દ્રવ્યમાં વાળું છું, એમ પણ નથી. એ પર્યાય દ્રવ્યમાં વળી છે એ જ દ્રવ્યનું ધ્યાન છે. આહાહા..! હવે તો ભઈ .. થઈ ગયા. હળવે હળવે ચાલો. ચાલીસ વર્ષ થઈ ગયા. ચાલીસ તો .. થયા. હળવે હળવે પછી સાંભળનારને વિચારમાં રોકાવું પડશે કે નહિ? આહાહા..!

'**તેમના જેવા થઈ જાય છે.**' અહીં તો સિદ્ધ જેવો હું, એનું ધ્યાન કરનાર સિદ્ધ જેવા થઈ જાય જ છે. ન થાય એ પ્રશ્ન નથી. આહાહા..! પણ આ રીતે હોય તો. સમજાણું કાંઈ? આહા..! '**અને ચારે ગતિઓથી વિલક્ષણ...**' ચારે ગતિ છે એનાથી આ વિલક્ષણ છે. '**પંચમગતિ મોક્ષ તેને પામે છે.**' લ્યો. પંચમગતિ એવો જે મોક્ષ તેને પામે છે. બીજી ગતિ તો વિકારવાળી છે અને ત્યાંથી પાછું આવવું પડે છે. આ તો ગતિ થઈ એ થઈ. સાદિ અનંત અનંત સમાધિ સુખમાં. એવી જે સિદ્ધગતિ પામીને. પંચમગતિ મોક્ષને પામે છે. હવે એ પંચમગતિ કેવી છે એની આ બધી વ્યાખ્યા છે. આહાહા..! ધ્રુવ તો ઉપાડ્યું પહેલું, પણ પર્યાયનું ધ્રુવ. આવી છે અંદર ધ્રુવમાંથી. સમજાણું કાંઈ? ધ્રુવમાંથી ધ્રુવપર્યાય-સિદ્ધપર્યાય થઈ છે. આહાહા..! ઉપાડ્યું છે પર્યાય ધ્રુવ, હોં! સિદ્ધપર્યાય ધ્રુવ. અહીં સિદ્ધને વંદન કરવું છે ને. સિદ્ધની વ્યાખ્યા કરે છે. આહાહા..! ધ્રુવ.

'**કેવી છે તે પંચમગતિ? સ્વભાવભાવરૂપ છે...**' આહા..! એ તો સ્વભાવભાવરૂપ છે. છે પર્યાય, પણ સ્વભાવભાવરૂપ એ પર્યાય છે. ચાર ગતિ તે વિભાવભાવરૂપ વિકારી અવસ્થા છે. આહાહા..! સમજાણું કાંઈ? સ્વભાવભાવરૂપ. ભાષા જુઓ! એટલે કે સ્વભાવભાવ જે જીવનો-આત્માનો હતો એમાંથી સ્વભાવભાવ પર્યાય આવેલી છે. સ્વભાવભાવ આત્માનો ત્રિકાળ. અહીં તો પર્યાયની વાત છે. આહાહા..! સ્વભાવભાવરૂપ છે. નિર્મળ પર્યાય સિદ્ધ ભગવાનની સ્વભાવભાવરૂપ છે. એ પર્યાય પણ '**સ્વભાવભાવરૂપ છે તેથી ધ્રુવપણાને અવલંબે છે.**' એટલે કે ધ્રુવપણું રાખે છે. સ્વભાવભાવપણાને લીધે ધ્રુવપણું રહે છે, એમ કહે છે. પેલુ તો અધ્રુવ છે, ગતિ તો ક્ષણે ક્ષણે ફરી જાય છે. આહાહા..! ધ્રુવપણાને અવલંબે છે એટલે ધ્રુવપણે રહે છે. આહાહા..! કેમ કે સ્વભાવભાવરૂપ છે તેથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**ચારે ગતિઓ પરનિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી.**' એની સામે કહ્યું. ચારે ગતિ એ પોતે ખુલાસો કરે છે. '**પરનિમિત્તથી થતી હોવાથી...**' કર્મના નિમિત્તથી ચાર ગતિ (થાય છે). સ્વર્ગની ગતિ તોય કર્મના નિમિત્તથી. એ કંઈ સ્વભાવભાવની પર્યાય

નથી. આહાહા..! '**પરનિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી, વિનાશિક છે;...**' ચાર ગતિ વિનાશિક છે. આહાહા..! '**ધ્રુવ' વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.**' '**ધ્રુવ' વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.**' હવે વિનાશિક કંઈ છે નહિ. લ્યો, પર્યાય વિનાશિક છે. એક કોર પર્યાય અવિનાશી કીધી. મોક્ષની પર્યાય પણ નાશવાન છે એમ આવ્યું હતું? નાશવાનનો અર્થ એ પર્યાય છે અપેક્ષાએ. આ પર્યાય હવે એમ ને એમ રહેવાની છે માટે વિનાશિક નથી. એમ. છે? '**પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.**' પેલી જે ચાર ગતિ ફરે છે એવું ફરવું અહીં નથી. એની ગતિનું પરિણમન ભલે હો સિદ્ધનું, પણ એવું ને એવું છે તેથી એને વિનાશિકતા રહિત કહેવામાં આવી છે. આહાહા..!

'**વળી તે ગતિ કેવી છે?**' સિદ્ધ.. સિદ્ધ. '**અનાદિ કાળથી અન્ય (પર) ભાવના નિમિત્તથી થતું જે પરમાં ભ્રમણ...**' અચળ લેવું છે ને? અચળ. '**धुवमचलमणोवमं**'. એવા ચાર બોલ છે. ધ્રુવનું વિશેષણ થયું. '**વળી તે ગતિ કેવી છે? અનાદિ કાળથી અન્ય (પર) ભાવના નિમિત્તથી થતું જે પરમાં ભ્રમણ તેની વિશ્રાંતિ (અભાવ) વશ...**' એ વિશ્રાંતિ થઈ ગઈ હવે. પરમાં ભ્રમણનો અભાવ થયો. તે વિશ્રાંતના અભાવ વશ. '**પરમાં ભ્રમણ તેની વિશ્રાંતિ (અભાવ) વશ અચલપણાને પામી છે.**' અચળ થઈ ગયો. આહાહા..! સિદ્ધગતિ અચળ છે. ગતિની વાત છે હોં આ. પર્યાયની વાત છે. આહા..!

'**આ વિશેષણથી, ચારે ગતિઓને પરનિમિત્તથી જે ભ્રમણ થાય છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.**' લ્યો. પરનિમિત્તથી થાય, ગતિ ફરી જાય છે. આ કાંઈ ફરતી નથી માટે અચળ છે. સિદ્ધગતિને અચળ કહેવામાં આવી છે. સિદ્ધગતિને ધ્રુવ કહેવામાં આવી છે. આહાહા..! સ્વભાવભાવ થયો ને? સ્વભાવભાવ. ધ્રુવ સ્વભાવમાંથી આવી છે. એટલે પર્યાય સિદ્ધ પૂર્ણ થઈ ગઈ, ધ્રુવ થઈ ગઈ. અચળ સ્વભાવમાંથી આવી છે માટે એ પર્યાય અચળ છે. ફરતી નથી. અહીં જેમ અચળ છે, એમ ત્યાં પર્યાય અચળ થઈ ગઈ. '**धुवमचल**' બે ઉપમા હતી ને? '**वंदित्तु सव्वसिद्धे धुवमचलम**'. બે ... થયા.

'**વળી તે કેવી છે? જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્દ્ભુત માહાત્મ્ય હોવાથી...**' આ ત્રીજું વિશેષણ. '**धुवमचलमणोवमं**'. અનુપમ છે. ઓહો..! સિદ્ધપર્યાય, બાપુ! '**સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્દ્ભુત માહાત્મ્ય હોવાથી...**' ઓહો..! ગતિના લક્ષણથી વિપરીત લક્ષણવાળી અદ્દ્ભુત માહાત્મ્ય હોવાથી '**તેને કોઈની ઉપમા મળી શકતી નથી.**' સિદ્ધને ઉપમા સિદ્ધની. બીજાની ઉપમા એને મળી શકતી નથી. આહાહા..! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની પૂર્ણતા. આહાહા..! એક સમયમાં અતીન્દ્રિય અનંતઆનંદ. એક સમયમાં

અતીન્દ્રિય કેવળજ્ઞાન અનંત. એક સમયમાં દર્શન અનંત, વીર્ય અનંત. આહાહા..! સ્વચ્છતા અનંત, પ્રભુતા અનંત. એને શું કહેવું? એને કોની ઉપમા દેવી? એને કોની ઉપમા દેવી? અનુપમ છે. આહાહા..!

'**ચારે ગતિઓમાં જે પરસ્પર કથંચિત્ સમાનપણું મળી આવે છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.**' ચારે ગતિમાં કાંઈક કહેવાય મોટા ચક્રવર્તી જેવું સુખ છે, સ્વર્ગ જેવું ચક્રવર્તીને સુખ છે, એમ કહેવાયને? આને કંઈ ઉપમા આપી શકાય એવું નથી. આહાહા..! કંઈક સમાનતા પણ છે, એમ કહે છે. મનુષ્યગતિ ચક્રવર્તી ... સમજાણું? સ્વર્ગના જેવા સુખો નથી કહેતા? ચક્રવર્તીમાં આવે છે. સ્વર્ગના સુખ. એવી કથંચિત્ પરસ્પર સમાનતા છે ગતિમાં. સિદ્ધમાં છે નહિ. અનુપમ ગતિ છે. આહાહા..! હવે આવ્યું.

'**धुवमचलमणोवमं गदिं**' ગતિ શબ્દ પડ્યો છે ને? એ ગતિનો હવે અર્થ કરે છે. એક એક શબ્દનો અર્થ કરે છે. '**વળી તે કેવી છે? અપવર્ગ તેનું નામ છે.**' સિદ્ધગતિને અપવર્ગ નામ છે.

મુમુક્ષુ :- મૂળ ગાથામાં અપવર્ગ શબ્દ નથી.

ઉત્તર :- ભલે, એ ગતિનો અર્થ કાઢ્યો. ગતિનો અર્થ (કરે છે). ગતિ એટલે શું? કે અપવર્ગ. ધર્મ, અર્થ અને કામથી આ ગતિ ભિન્ન છે. ધર્મ, અર્થ અને કામ વર્ગમાં જાય છે. વર્ગ.. વર્ગ. આ અપવર્ગ. ધર્મ એટલે પુણ્ય. પુણ્ય. ધર્મ એટલે પુણ્ય. અર્થ એટલે લક્ષ્મી. અને કામ-વિષયની વાસના. એ ત્રણ વર્ગ છે. પુણ્ય, લક્ષ્મી અને કામ, એ ત્રણ વર્ગ કહેવાય છે. '**મોક્ષગતિ આ વર્ગમાં નહિ હોવાથી...**' મોક્ષગતિ એ વર્ગમાં નથી તેથી '**અપવર્ગ કહી.**' લ્યો. આહાહા..! આ તો મંગળિક હજી તો. સિદ્ધ ભગવાનને વંદન કરીને મંગળિક કરે છે. આદર કર્યો છે અંદરમાં એનું નામ વંદન. સમજાણું કાંઈ? અને એનું જ્ઞાન કર્યું છે કે આવા આવા સિદ્ધ છે. જ્ઞાન કરીને વંદન કર્યું છે. ઓઘે ઓઘે ણમો સિદ્ધાણં, ણમો સિદ્ધાણં એમ નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

આખો સંસારનો અભાવ, ચોર્યાશીના અવતારનો અભાવ. અને જે સિદ્ધગતિ ઉત્પન્ન થઈ એ વ્યય વિનાની ઉત્પન્ન થઈ છે. આવે છે ને પ્રવચનસારમાં? પ્રવચનસારમાં આવે છે. સંસારનો વ્યય થયો એ ઉત્પાદ વિનાનો વ્યય થયો, સિદ્ધને. શું કીધું ઈ? સંસારનો જે નાશ થયો એ હવે ઉત્પન્ન નહિ થાય, એ રીતે વ્યય થયો. અને સિદ્ધગતિ ઉત્પન્ન થઈ એ વ્યય વિનાનો ઉત્પન્ન થયો. હવે ઉત્પન્ન થઈ એ વ્યય નહિ થાય. પ્રવચનસારમાં છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**અપવર્ગ કહી-આવી પંચમગતિ સિદ્ધભગવંતો પામ્યા છે.**' લ્યો, એ વર્ગમાં નથી. એવી ગતિને પામ્યા છે. આહાહા..! એ ગતિની વ્યાખ્યા છે, જુઓ! ગતિ છે ને? ગતિ જુઓને. '**धुवमचलमणोवमं गदिं**' '**गतिं प्राप्तान**'. '**गतिं प्राप्तान**' થયેલ. આ

ગતિ આવી. ધર્મ, અર્થ અને કામથી ભિન્ન એવો અપવર્ગ. વર્ગથી ભિન્ન એવો અપવર્ગ એ મોક્ષ, એને એ પામ્યા છે. '**આવી પંચમગતિ સિદ્ધભગવંતો પામ્યા છે.**' ફરીને એ તો ત્યાં લીધું હતું ને, એનો ખુલાસો કરે છે. '**તેમને પોતાના તથા પરના આત્મામાં સ્થાપીને સમયનો (સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો) પ્રકાશક...**' આહાહા..! સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો પ્રકાશક. સમય છે ને એટલે. '**એવો જે પ્રાભૃત નામનો અર્હત્પ્રવચનનો અવયવ (અંશ),...**' છે આ. આહાહા..! અર્હંત ભગવાનના શ્રીમુખે નિકળેલી વાણી દિવ્યધ્વનિ પ્રવચન, એનો આ એક અંશ છે. આહાહા..!

'**તેનું, અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારા અને પરના મોહના નાશ માટે,...**' મારા નામ પોતાને પણ જે થોડી અસ્થિરતા છે ને? એ મોહ લેવો. બીજાનો મોહ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ લેવો. સમજાણું કાંઈ? સામાન્ય રીતે મારે પણ હજી મોહ છે એમ કહે છે. હજી રાગની અસ્થિરતા છે ને? એના નાશને માટે. આહાહા..! એ તો અમૃતચંદ્રાચાર્યે કહ્યું એ આવ્યું. (ત્રીજો કળશ કહ્યો એ.) ટીકા કરતાં મારી અશુદ્ધતાનો નાશ થજો. એ જ અમૃતચંદ્રાચાર્યની આ ટીકા છે. '**મારા અને પરના મોહના નાશ માટે, હું પરિભાષણ કરું છું.**' હું પરિભાષણ, એની વ્યાખ્યા ભાવાર્થમાં કરશે. પરિભાષણ શબ્દ કેમ લીધો (એની). હવે એ અર્હંતનો પ્રવચન કેવો છે એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)